# DILIPKUMAR L. KATHIRIYA

B.Com LL.B. (ADVOCATE)

231, Royal Square, Utran-kosad road, Surat.

MO: 99257 48278, EN NO. G/262/2008

Ref :-

Date : 24/05/2023

**પ્રતિશ્રી,**

**વિષયઃ-** **ડીસ્ટ્રીકટ સુરત**, **સબ-ડીસ્ટ્રીકટ પુણા** (સુરતસીટી) ના **મોજેગામ સરથાણા** ના, રે.સર્વે નં.: ૨૬/૨, જેનો **બ્લોક નં. : ૨૮**, **સીટી સર્વે નં. NA/૨૮/P૨**, **ટી.પી. સ્કીમ નં. ૮૫** (સરથાણા-પાસોદરા-લસકાણા) **ફા. પ્લોટ નં. ૧૦**, ફાળવેલ છે. જેનુ ૭/૧૨ મુજબ ક્ષેત્રફળ હે. ૧-૬૧-૭૩ આરે ચો.મી. અને **ફા.પ્લોટ મુજબ કુલ્લે ક્ષેત્રફળ ૯૭૦૪ ચો.મી.** જે પૈકી **સબ પ્લોટ નં. ૧ જેનું ક્ષેત્રફળ ૧૯૨૧.૪૨ ચો.મી.** વાળી રહેણાંકના હેતુ માટે બિનખેતી થયેલ જમીન ઉપર આયોજન કરેલ **"હરિકૃષ્ણ સાકાર"** વાળી મિલકત અંગે ટાઇટલ રીપોર્ટ...

મારી સમક્ષ રજુ કરેલ તમામ દસ્તાવેજી પુરાવાઓની ચકાસણી કરેલ છે તેમજ હમોએ સબ રજીસ્ટ્રાર સાહેબની કચેરી, કામરેજમાં શોધ લેવા અંગે તા. ૨૦/૦૫/૨૦૨૩ ના રોજ પહોચ નં. ૨૦૨૩૧૧૫૦૦૦૨૧૦૨૬ તથા અરજી નં. ૭૪૦૦ થી રૂા. ૨૬૦ ભરપાઇ કરેલ છે. તથા અરજી નં. ૮૦૨૨૦૨૩૫૬૯૪૧૫ થી રૂા. ૧૬૫ ભરપાઇ કરેલ છે. અને મહે. નવાગામના સબ રજીસ્ટ્રાર સાહેબની કચેરી-૩ માં શોધ લેવા અંગે તા. ૨૦/૦૫/૨૦૨૩ ના રોજ અરજી નં. ૮૦૨૨૦૨૩૫૬૯૨૫૭ થી રૂા. ૨૩૫ ભરપાઇ કરેલ છે. તે અંગેની પહોચ આ સાથે સામેલ છે. મારી સમક્ષ રજુ થયેલ દસ્તાવેજી પુરાવાઓને આધારે આ રીપોર્ટ આપવામાં આવેલ છે. મારો સદરહુ મિલકત અંગેનો ટાઇટલ કલીયરન્સ રીપોર્ટ અને અભિપ્રાય નીચે મુજબ છે.

સુરત ડીસ્ટ્રીકટ, કામરેજ સબ ડીસ્ટ્રીકટ ના મોજેગામ : સરથાણાંનાં રે.સર્વે નં. ૨૬/૨, બ્લોક નંબરઃ ૨૮ વાળી જમીનનાં મુળ માલિક તરીકે મુસ્તુફા નાથુભાઇની માલીકી કબજા, ભોગવટા હેઠળની ચાલી આવેલી. મજકુર માલીકનાં કુટુંબનાં સભ્યો વચ્ચે કૌટુંબીક વહેચણી થવાથી સદર જમીન ઉમેદભાઇ મુસ્તુફાનાં હિસ્સે આવેલી. જે અંગેના ફેરફારની નોંધ મજકુર જમીનનાં ગામ દફતરે હકક પત્રક નમુના નં.૬ માં નોધ નં.૨૩૩ થી તા. ૦૪/૦૪/૧૯૭૦ નાં રોજ થયેલ છે. જે નોંધ મામલતદાર સાહેબ કામરેજનાંએ તારીખ ૧૯/૦૫/૧૯૭૦ નાં રોજ પ્રમાણીત કરેલ છે.

ત્યારબાદ સદરહું જમીનમાં જાવિદભાઇ ઉમેદભાઇનું નામ સામાયીકપણામાં સહભાગીદાર તરીકે પંચકયાસ તથા પક્ષકારોનાં જવાબનાં આધારે દાખલ કરવામાં આવેલ. જે અંગેના ફેરફારની નોંધ મજકુર જમીનનાં ગામ દફતરે હકક પત્રક નમુના નં.૬ માં નોધ નં.૫૨૧ થી તા. ૨૧/૦૭/૧૯૮૪ નાં રોજ થયેલ છે. જે નોંધ સર્કલ ઓફીસર કામરેજનાંએ તારીખ ૨૯/૦૮/૧૯૮૪ નાં રોજ પ્રમાણીત કરેલ છે.

NOTARY DILIPKUMAR L. KATHIRIYA SURAT CITY (GUJARAT) Regd. No. 18311 EXPIRY DATE 20/02/2025 GOVERNMENT OF INDIA

ત્યારબાદ સદરહું જમીન (૧) ઉમેદભાઇ મુસ્તુફા તથા (૨) જાવિદભાઇ ઉમેદભાઇની સયુંકત માલીકીની ચાલી આવેલ જેઓ પાસેથી સદરહું જમીન (૧) ગોરધનભાઇ કાનજીભાઇ ધામેલીયા (૨) પોપટભાઇ કાનજીભાઇ ધામેલીયાએ તારીખ ૧૯/૧૦/૨૦૦૦ ના રોજ મે. કામરેજના સબ રજીસ્ટ્રાર સાહેબશ્રીની કચેરીમાં અનુક્રમ નં.૧૦૧૪ થી તારીખ ૧૯/૧૦/૨૦૦૦ ના રોજ નોધાયેલ છે. જે અંગેના ફેરફારની નોંધ મજકુર જમીનનાં ગામ દફતરે હકક પત્રક નમુના નં.૬ માં નોધ નં.૯૫૧ થી તા. ૦૩/૦૫/૨૦૦૧ નાં રોજ થયેલ છે. જે નોંધ તારીખ ૨૦/૦૭/૨૦૦૧ નાં રોજ પ્રમાણીત કરેલ છે.

સદરહું જમીન જે ગામે આવેલ છે તે આખુ ગામ કામરેજ તાલુકામાંથી પ્રાથમીક ફેરફારની રૂએ નવાગામ તરીકે મહે.કલેકટર સાહેબનાં હુકમ તથા સરકારી જાહેરનામાની રૂએ સુરતસીટી તાલુકામાં સમાવિષ્ટ કરવામાં આવેલ. જે અંગેના ફેરફારની નોંધ મજકુર જમીનનાં ગામ દફતરે હકક પત્રક નમુના નં.૬ માં નોધ નં.૨૭૫૭ તથા ૨૭૫૮ થી તા. ૧૧/૦૧/૨૦૦૭ નાં રોજ થયેલ છે. જે નોંધ તારીખ ૧૧/૦૧/૨૦૦૭ નાં રોજ પ્રમાણીત કરેલ છે.

ત્યારબાદ સદર બ્લોક નંબર વાળી જમીન (૧) ગોરધનભાઇ કાનજીભાઇ ધામેલીયા તથા (૨) પોપટભાઇ કાનજીભાઇ ધામેલીયા ના સંયુકત નામે ચાલી આવેલ. જેઓ અનુક્રમ નં. ૧ થી ૨ ના કુલ મુખત્યાર તરીકે શ્રી રાજેશભાઇ ગણેશભાઇ માવાણી પાસેથી (૧) જીવરાજભાઇ શામજીભાઇ વાઘાણી તથા (૨) વિપુલભાઇ જસમતભાઇ જાસોલીયાને તારીખ: ૦૮/૧૦/૨૦૦૭ ના રોજ મહે. કામરેજના સબ-રજીસ્ટ્રાર સાહેબની કચેરીમાં રજી. વેચાણ દસ્તાવેજ નં. ૩૯૦૩ થી રૂા. ૨,૦૧,૦૦૦/- (અંકે રૂપીયા બે લાખ એક હજાર પુરા) માં વેચાણથી આપેલ. જે વેચાણ અંગેની નોંધ ગામના નમુના નં. ૬ (હક્ક પત્રક) માં નોંધ નં. ૩૧૫૨, તા. ૦૪/૦૧/૨૦૦૮ ના રોજ કરવામાં આવેલ છે. જે નોંધ તા. ૦૬/૦૫/૨૦૦૮ ના રોજ પ્રમાણિત થયેલ છે.

ત્યારબાદ સદરહુ બ્લોક નં. ૨૮ વાળી જમીન બિનખેતી કરવા માટે મહે. કલેકટર સાહેબને તા. ૨૯/૧૧/૨૦૨૧ ના રોજ ઓનલાઇન અરજી કરતા તેઓના તારીખ: ૧૯/૦૨/૨૦૨૨ ના હુકમ નં. ૩૧૩/૨૨/૧૮/૦૬૫/૨૦૨૨ મુજબ બીનખેતીના હેતુ માટે જુની શરતની જમીન હેતુફેર કરવા અરજદાર જીવરાજભાઇ શામજીભાઇ વાઘાણી વિગેરેએ ગુજરાત જમીન મહેસુલ અધિનિયમ-૧૮૭૯ની કલમ ૬૫ હેઠળ વિશેષધારો તથા રૂપાંતર કર વસુલ લઇ હુકમમાં જણાવેલ શરતોને આધીન બિનખેતી માટે પરવાનગી આપવામા આવેલ. જેની નોંધ ગામના નમુના નં. ૬ (હક્ક પત્રક) માં નોંધ નં. ૬૫૭૮, તા. ૧૯/૦૨/૨૦૨૨ ના રોજ કરવામાં આવેલ છે. જે નોંધ તા. ૨૮/૦૩/૨૦૨૨ ના રોજ પ્રમાણિત થયેલ છે.

ત્યારબાદ સદરહું બીનખેતીની જમીનના માલીક (૧) જીવરાજભાઈ શામજીભાઈ વાઘાણી તથા (૨) વિપુલભાઈ જસમતભાઈ જાસોલીયા પાસેથી "હરિકૃષ્ણ કોર્પોરેશન" નામની ભાગીદારી પેઢીએ ખરીદ કરેલ. જે અંગેનો વેચાણ દસ્તાવેજ મહેરબાન સુરતનાં સબ રજીસ્ટ્રાર સાહેબશ્રી સુરત સીટી-૩ (નવાગામ) ની કચેરીમાં અનુક્રમ નં. ૫૦૬૩ થી તા. ૦૧/૦૪/૨૦૨૩ નાં રોજ નોંધાયેલ છે. ત્યારથી સદરહું બીનખેતીની જમીનના માલીક "હરિકૃષ્ણ કોર્પોરેશન" એ નામની ભાગીદારી પેઢીની ચાલી આવેલ છે.

ત્યારબાદ મજકુર રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીકટ સુરત, સબ-ડીસ્ટ્રીકટ પુણા (સુરતસીટી) ના મોજે ગામ સરથાણા ના, રે.સર્વે નં.: ૨૬/૨, જેનો બ્લોક નં. : ૨૮, સીટી સર્વે નં. NA/૨૮/P૨, ટી.પી. સ્કીમ નં. ૮૫

(સરથાણા-પાસોદરા-લસકાણા) **ફા. પ્લોટ નં. ૧૦**, ફાળવેલ છે. જેનુ ૭/૧૨ મુજબ ક્ષેત્રફળ હે. ૧-૬૧-૭૩ આરે ચો.મી. અને **ફા.પ્લોટ મુજબ કુલ્લે ક્ષેત્રફળ ૯૭૦૪ ચો.મી.** જે પૈકી **સબ પ્લોટ નં. ૧ જેનું ક્ષેત્રફળ ૧૯૨૧.૪૨ ચો.મી.** વાળી બીનખેતી **જમીન/મિલકતના બાંધકામ અને વિકાસ ના પ્લાન, સુરત મ્યુનિસિપલ કોર્પોરેશને મંજુર કરીને બાંધકામ અને વિકાસની પરવાનગી રજાચિઠ્ઠી નંબર : T.D.O./DP-/No. ૦૬૫, તારીખ ૨૦/૦૪/૨૦૨૩ ના રોજ આપેલ છે.**

**આમ, ડીસ્ટ્રીકટ સુરત, સબ-ડીસ્ટ્રીકટ પુણા** (સુરતસીટી) ના **મોજેગામ સરથાણા** ના,રે.સર્વે નં.: ૨૬/૨, જેનો **બ્લોક નં. : ૨૮, સીટી સર્વે નં. NA/૨૮/P૨, ટી.પી. સ્કીમ નં. ૮૫** (સરથાણા-પાસોદરા-લસકાણા) **ફા. પ્લોટ નં. ૧૦**, ફાળવેલ છે. જેનુ ૭/૧૨ મુજબ ક્ષેત્રફળ હે. ૧-૬૧-૭૩ આરે ચો.મી. અને **ફા.પ્લોટ મુજબ કુલ્લે ક્ષેત્રફળ ૯૭૦૪ ચો.મી.** જે પૈકી **સબ પ્લોટ નં. ૧ જેનું ક્ષેત્રફળ ૧૯૨૧.૪૨ ચો.મી.** વાળી બહુહેતુ (મલ્ટીપલ) માટે બીનખેતીની જમીનમાં આયોજન કરવામાં આવેલ **"હરિકૃષ્ણ સાકાર" વાળી મિલકતના ટાઇટલ્સ અંગે નીચેના પુરાવાઓ ધ્યાને લેતા સદરહુ મિલકત "હરિકૃષ્ણ કોર્પોરેશન" એક ભાગીદારી પેઢી ની સંયુકત માલીકી કબજા ભોગવટાની ચોખ્ખા માર્કેટેબલ વાળી હોવાનો મારો અભિપ્રાય છે.**

**ઉપરોકત ટાઇટલ કલીયરન્સ સર્ટીફિકેટ નીચે જણાવેલ દસ્તાવેજના આધારે આપવામાં આવેલ છે.**

**॥ ચકાસેલ દસ્તાવેજની વિગત ॥**

**(૧)** સદરહું જમીન અંગે કલેકટરશ્રી સુરતનાએ ક્રમાંકઃ ૩૧૩/૨૨/૧૮/૦૬૫/૨૦૨૨, તા. ૧૯/૦૨/૨૦૨૨ ના રોજ આપેલ બહુહેતુ બીનખેતીના હુકમની નકલ.
**(૨)** રહેણાંક હેતુ માટે લે-આઉટ પ્લાન વિકાસ પરવાનગી-રજાચિઠ્ઠી નંબરઃ ટીડીઓ / ડીપી / ૦૬૫, તારીખ ૨૦/૦૪/૨૦૨૩
**(૩)** મંજુર થયેલ પ્લાનની નકલ.
**(૪)** બ્લોક નંબર ૨૮ ના રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ નં. ૫૦૬૩, તા. ૦૧-૦૪-૨૦૨૩ ના રોજની નકલ.
**(૫)** એજન રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજની રજીસ્ટ્રેશન પાવતી નં. ૨૦૨૩૦૨૦૦૦૦૧૩૭૭૩ તા. ૦૧-૦૪-૨૦૨૩ ની નકલ.
**(૬)** એજન દસ્તાવેજની ઇન્ડેક્ષ-૨ ની નકલ.
**(૭)** ૭/૧૨ ની નકલ તથા હકકપત્રક નં. ૬ ની નકલો.
**(૮)** ભાગીદારી કરારની નકલ.
**(૯)** રજીસ્ટ્રાર ઓફ ફર્મ ની નકલ.

NOTARY
DILIPKUMAR L. KATHIRIYA
SURAT CITY (GUJARAT)
Reg. No. 18311
EXPIRY DATE 23/02/2025
GOVERNMENT OF INDIA

Kathiriya D.L

**(દીલીપકુમાર એલ. કથીરીયા)**

**એડવોકેટ**

**સ્થળ : સુરત.**

**તારીખ : ૨૪/૦૫/૨૦૨૩**

# Inspector General of Registration
## Revenue Department, Government of Gujarat
## અરજી પહોંચ

મિલ્કત નું વર્ણન : R.S.NO.26/2 B.L.NO.28 T.P NO.85 F.P.NO.10 ADMEASURING 1-61-73 SQ. MTRS, AS PER FINAL PLOT NO. ADMEASURING 9704 SQ MTRS PAIKI SUB PLOT NO.1 ADMEASURING 1921.42 SQ MTRS

Search in : સરથાણા /SARTHANA

| | | | | | |
|---|---|---|---|---|---|
| પહોંચ નંબર | 202311500021026 | અરજી નંબર | 7400 | અરજી વર્ષ | 2023 |
| તારીખ | 20 | માહે | મે | સને | 2023 |

રજુ કરનારનું નામ DILIPKUMAR L KATHIRIYA

ટ્રાન્જેક્સન નંબર 20230520643578392

| નીચે પ્રમાણે ફી પહોંચી | રૂ. પૈસા |
|---|---|
| રજીસ્ટ્રેશન ફી........ | |
| નકલ કરવા ની ફી સાઈડ / ફોલીયો........ | |
| શેરોની નકલ કરવા માટે ફી........ | |
| ટપાલ ખર્ચ........ | |
| નકલો અથવા યાદીઓ (કલમ ૬૪ થી ૬૭ )........ | |
| શોધ અગર તપાસણી........વર્ષ : 1983 થી 2007 | 260.00 |
| દંડ કલમ-૨૫........ | |
| કલમ-૩૪ (કલમ-૫૭ )........ | |
| નકલ ફી ફોલીયો........ | |
| ઈન્ડેક્ષ-૨ ફી ........ | |
| અન્ય ફી ........ | |
| કુલ એકંદરે રૂ. | 260.00 |

અંકે રૂપીયા બે સો સાઈઠ પુરા

CHAUDHARI HARDIK KUMAR PRATAPBHAI
સબ રજીસ્ટ્રાર
કામરેજ

20/05/2023 12:55:38

ઈન્સપેક્ટર જનરલ ઓફ રજીસ્ટ્રેશન (મહેસુલ વિભાગ - ગુજરાત રાજ્ય )

## મિલ્કત પરના બોજા અંગેનું પત્રક / Encumbrance Certificate (E.C)

Search in : DILIPKUMAR L KATHIRIYA અરજી નંબર : 8022023569415 ગામ નું નામ : SARTHANA મિલ્કતનો પ્રકાર: Non-Agriculture

Search Year : 2007 - 2011

મિલ્કતનું વર્ણન , Block No : 28

દસ્તાવેજની આ શોધ S.R.O - KAMREJ મા 5 વર્ષના ઈન્ડેક્ષ -2 ની ઉપલબ્ધ માહિતી અને રેકોર્ડ ઉપર થી તૈયાર કરવામા આવી છે. આ શોધનો ઉપયોગ મિલ્કત પરના બોજા પુરતોજ મર્યાદીત છે. આ શોધમા તા 20-05-2023 સુધીના નોંધણી થયેલ દસ્તાવેજોનો સમાવેશ થયેલ છે.

| દસ્તાવેજનો પ્રકાર અને અવેજ (ભાડા પટાના કિસ્સામાં આકાર પટે આપનાર અથવા પટે રાખનાર આપે છે તે જણાવવું) | સર્વે નંબર પેટા વિભાગ નંબર અને ઘર નંબર (જો કંઈ પણ હોય તો) | ક્ષેત્રફળ | આકાર અથવા જુડી આપવામાં આવે ત્યારે તે. | દસ્તાવેજ કરી આપનાર પક્ષકારનું નામ અથવા દિવાની કોર્ટના હુકમનામા અથવા આદેશના સંબંધમાં પ્રતિવાદીનું નામ | દસ્તાવેજ કરી લેનાર પક્ષકારનું નામ અથવા દિવાની કોર્ટના હુકમનામા અથવા આદેશના સંબંધમાં વાદીનું નામ | સહીની તારીખ નોંધણીની તારીખ | દસ્તાવેજ નંબર | શેરો |
|---|---|---|---|---|---|---|---|---|
| --------------------- NO DATA AVAILABLE -------------------------- | | | | | | | | |
| રૂ. | | | | | | | | |

ઇ –પેમેન્ટ ટ્રાન્ઝેકશન ID No.20230520281616795 તા 20-05-2023 થી મળેલ છે.

શોધ ફી 60.00

EC. ફી 100

Search by : સબ-રજીસ્ટ્રાર CHAUDHARI HARDIK KUMAR PRATAPBHAI

**Self attested/સ્વ-પ્રમાણિત :**

નોંધ: આ બોજાપત્રક આપનાર સબરજીસ્ટ્રાર કચેરી તેની વિગતોની ચોકસાઇ અથવા ખરાપણા વિશે બાંહેધરી આપતા નથી. તેમજ નુકશાની માટેના કોઇપણ હકદાવા માટે જવાબદાર રહેશે નહી. સીસ્ટમ જનરેટેડ બોજાપત્રક (Encumbrance Certificate)હોવાથી સહી કરેલ નથી તેમજ નકલમાં કોઇ ફેરફાર/ચેડાં કરવા કે ખોટી નકલ બનાવવી ફોજદારી ગુન્હો છે. આ અંગે કોઇ વિસંગતા કે વિવાદ વખતે અસલ રેકર્ડ માન્ય ગણાશે.

NOTARY DILIPKUMAR L KATHIRIYA SURAT CITY (GUJARAT) Reg. No. 18311 EXPIRY DATE 23/02/2025 GOVERNMENT OF INDIA

પ્રિન્ટ તારીખ : 20-05-2023

THE SEAL OF THE SUB REGISTRAR KAMREJ

NOTARY
DILIPKUMAR L. KATHIRIYA
SURAT CITY
(GUJARAT)
Reg. No. 18311
GOVERNMENT OF INDIA

દિ-૨ તારીખ : 20-05-2023

ઈન્સપેક્ટર જનરલ આંફ રજીસ્ટ્રેશન (મહેસુલ વિભાગ - ગુજરાત રાજ્ય )

**મિલ્કત પરના બોજા અંગેનું પત્રક / Encumbrance Certificate (E.C)**

Search in : DILIPKUMAR L KATHIRIYA અરજી નંબર : 8022023569257 ગામ નું નામ : SARTHANA.. મિલ્કતનો પ્રકાર: Non-Agriculture

Search Year : 2012 - 2023 મિલ્કતનું વર્ણન: Block No : 28

દસ્તાવેજની આ શોધ S.R.O - SURAT-3 Navagam મા 12 વર્ષના ઈન્ડેક્ષ -2 ની ઉપલબ્ધ માહિતી અને રેકોર્ડ ઉપર થી તૈયાર કરવામા આવી છે. આ શોધનો ઉપયોગ મિલ્કત પરના બોજા પુરતોજ મર્યાદીત છે. આ શોધમા તા 24-05-2023 સુધીના નોંધણી થયેલ દસ્તાવેજોનો સમાવેશ થયેલ છે.

| દસ્તાવેજનો પ્રકાર અને અવેજ (ભાડા પટાના કિસ્સામાં આકાર પટે આપનાર અથવા પટે રાખનાર આપે છે તે જણાવવું) | સર્વે નંબર પેટા વિભાગ નંબર અને ઘર નંબર (જો કંઈ પણ હોય તો) | ક્ષેત્રફળ | આકાર અથવા જુડી આપવામાં આવે ત્યારે તે. | દસ્તાવેજ કરી આપનાર પક્ષકારનું નામ અથવા દિવાની કોર્ટના હુકમનામા અથવા આદેશના સંબંધમાં પ્રતિવાદીનું નામ | દસ્તાવેજ કરી લેનાર પક્ષકારનું નામ અથવા દિવાની કોર્ટના હુકમનામા અથવા આદેશના સંબંધમાં વાદીનું નામ | સહીની તારીખ<br>નોંધણીની તારીખ | દસ્તાવેજ નંબર | શેરો |
|---|---|---|---|---|---|---|---|---|
| માલિકી ફેરખત/વેચાણ<br>રૂ.14892000.00 | સર્વે નં. 26/2, બ્લોક નં. 28, સીટી સર્વે નં.NA/28/2, વાળી બહુહેતુ માટે બિનખેતી થયેલ જમીન જેનું ક્ષે. હે.આરે. 1-61-73 ચો.મી., અને જેનો ટી.પી.સ્કીમ નં. 85 (સરથાણા-પાસોદરા-લસકાણા), જેનો ફા.પ્લોટ નં. 10, જેનું ફા.પ્લોટ મુજબ કુલ્લે ક્ષેત્રફળ 9704 ચો.મી. છે. જે પૈકી સબ પ્લોટ નંબર 1, જેનું ક્ષેત્રફળ 1921.42 ચો.મી. વાળી બિનખેતી થયેલ જમીન. | | | જીવરાજભાઇ શામજીભાઇ વાઘાણી<br>વિપુલભાઇ જસમતભાઇ જાસોલીયા | હરિકૃષ્ણ કોર્પોરેશન એક ભાગીદારી પેઢી | 01-04-2023<br>01-04-2023 | 5063 | |

ઈ –પેમેન્ટ ટ્રાન્ઝેકશન ID No.20230520687767394 તા 20-05-2023 થી મળેલ છે.

Search by : સબ-રજીસ્ટ્રાર Gajendrabhai Mafabhai Patel

શોધ ફી 130.00

EC. ફી 100

THE SEAL OF THE SUB REGISTRAR SURAT-3 (NAVAGAM)

નોંધ: આ બોજાપત્રક આપનાર સબરજીસ્ટ્રાર કચેરી તેની વિગતોની ચોકસાઇ અથવા ખરાપણા વિશે બાંહેધરી આપતા નથી. તેમજ નુકશાની માટેના કોઇપણ હકદાવા માટે જવાબદાર રહેશે નહી. સીસ્ટમ જનરેટેડ બોજાપત્રક (Encumbrance Certificate)હોવાથી સહી કરેલ નથી તેમજ નકલમાં કોઇ ફેરફાર/ચેડાં કરવા કે ખોટી નકલ બનાવવી ફોજદારી ગુન્હો છે. આ અંગે કોઇ વિસંગતા કે વિવાદ વખતે અસલ રેકર્ડ માન્ય ગણાશે.

NOTARY DILIPKUMAR L. KATHIRIYA SURAT CITY (GUJARAT) Reg. No. 18311 EXPIRY DATE 23/02/2025 GOVERNMENT OF INDIA